
## વડીલોને વંદન અભિનંદન



ભાનુપ્રસાદ મગનલાલ ભટ્ટ
(૧૯૪૭) મો. ૭૬૦૦૭૫૯૯૭૦

## રાજપુરનો યુવક ગુમ થતાં ફરિયાદ

હિંમતનગર, તા. ૪

હિંમતનગર તાલુકાના રાજપુર ગામનો ૨૩ વર્ષીય યુવક રવિવારે ઘરેથી કોઈને કહ્યા વિના નીકળી ગયા બાદ ઘરે પરત ન ફરતા ગુમ થનાર યુવકના પરિવારજનોએ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં જાણ કરી છે. ત્યારબાદ પોલીસે ગુમ થનાર યુવકને શોધવાની તજવીજ હાથ ધરી છે. રાજપુર ગામમાં રહેતા પ્રવિણભાઈ પટેલનો દિકરો ગુંજનકુમાર (ઉ.વ.૨૩) રવિવારના સાંજના સુમારે પોતાના ઘેરથી કોઈને કંઇ પણ કહ્યા વિના નીકળ્યો હતો. જે રવિવારે મોડી રાત સુધી પરત ન આવતા પરિવારજનોએ ગુમ યુવકની શોધખોળ હાથ ધરી હતી. છતાં કોઈ અત્તોપત્તો ન મળતા પરિવારજનોએ ઘટના અંગે ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે કાર્યવાહી કરી હતી.

# બોલુન્દ્રા ઝાડા-ઉલ્ટી મામલે જિલ્લા કલેક્ટરે અધિકારીઓનો ઉઘડો લીધો

## કલેક્ટર છાકછુઆકે બળબળતા તાપમાં ચાલતા આખા ગામની મુલાકાત લઈ ભોગ બનનારની સારવાર પુછી : તુરંત ક્લોરીનેશ યુક્ત પીવાનું પાણી આપવા અને આરોગ્યની ટીમોને સાચુ કારણ શોધવા તેમજ સ્ટેન્ડ ટુ રહેવા કડક સુચના આપી

મોડાસા, તા. ૪

મોડાસાના બોલુન્દ્રા ગામે છેલ્લા ત્રણ દિવસથી ઝાડા-ઉલ્ટીના કેસોએ સાચુ કારણ શોધવા કડક સૂચનાઓ આપી હતી.

મોડાસાના બોલુન્દ્રા ગામમાં છાકછુઆક, આરોગ્ય અધિકારી ડૉ. ફેન્સી અને તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. યજ્ઞેન નાયકે આ ગામની મુલાકાત પહોંચાડવા સૂચનાઓ પણ આપી હતી. ભારે બળબળતા ઉનાળાના તાપ વચ્ચે કલેક્ટરે ગ્રામજનોની ચાલતા



(તસવીર : જય અમીન, મોડાસા)

બોલુન્દ્રા ગામના રહિશોને પોતાના અજગરી ભરડામાં લીધા છે. અત્યાર સુધી કુલ કેસોનો આ આંક ૮૦ સુધી પહોંચ્યો છે. જેને લઈ જિલ્લા કલેક્ટર સહિતના ઉચ્ચ અધિકારીઓએ આ ગામની રૂબરૂ મુલાકાત લીધી હતી. જિલ્લા કલેક્ટર એસ. છાકછુઆકે અધિકારીઓ અને આરોગ્ય ટીમોનો ઉઘડો લઈ લીધો હતો અને ઘટનાનુ છેલ્લા ત્રણ દિવસમાં દૂષિત પાણી પીવાથી અંદાજે ૮૦ થી વધારે ગ્રામજનો ઝાડા-ઉલ્ટીમાં સપડાયા હતા. દર્દીઓને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ ગંભીર ઘટનાને પગલે જિલ્લા કલેક્ટર એસ. લીધી હતી. કલેક્ટર એસ છાકછુઆકે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓની મુલાકાત દરમિયાન સ્વચ્છતા અને પાણી મામલે ભારે ઉઘડો લઈ લીધો હતો અને તુરંત તમામ ગ્રામજનોને ક્લોરીનેશન યુક્ત પીવાનું પાણી મુલાકાત લઈ આરોગ્યની ટીમેનો સ્ટેન્ડ ટુ રહેવા અને તુરંત ઝાડા-ઉલ્ટીના કઈ રીતે કેસો નોંધાયા છે તેનું ચોક્કસ કારણ શોધવા અધિકારીઓને અને આરોગ્યની ટીમોને કડક સૂચનાઓ આપી હતી.



કેન્દ્રીય માનવ સંસાધન પ્રધાન શ્રીમતી સ્મૃતિબહેન ઈરાનીની મધુબાન રિસોર્ટ ખાતે સોમવારે સવારે ચારુતર વિદ્યામંડળના પ્રતિનિધિમંડળે લીધેલી શુભેચ્છામુલાકાત ટાણે સૅરલિપના નિયામક અને સિન્ડિકેટ સભ્ય ડૉ.હરિ દેસાઈ, બીવીએમના પ્રાધ્યાપક અને સિન્ડિકેટ સભ્ય ડૉ.ઈન્દ્રજિત પટેલ તથા ઈલસાસના આચાર્ય ડૉ.સન્ની થોમસ ઉપરાંત ઉપસ્થિત મહાનુભાવોમાં પ્રદેશ ભાજપના મહામંત્રી શ્રી ભરત પંડ્યા, આણંદ જિલ્લા ભાજપના કો"ાધ્યક્ષ શ્રી મિતે"ાભાઈ પટેલ (બકાભાઈ) તથા ગુજરાત સરકારના ઉચ્ચશિક્ષણ વિભાગના સંયુક્ત નિયામક ડૉ.રાજેશ પુરોહિત હતા.

# મહેસાણાના ઉદેલા ગામે આર.આર.સેલે ૨૦ લાખનો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો

મહેસાણા, તા. ૪

મહેસાણા જિલ્લાના મોઢેરા પોલીસ સ્ટેશનની હદના ઉદેલા ગામની સીમમાં ગાંધીનગર આર.આર. સેલે દારૂ અંગે દરોડો રૂપિયા વીસ લાખની કિંમતની મત્તાની દારૂની ૧૫૭૨૮ નંગ બાટલીઓનો જથ્થો કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરતાં જિલ્લામાં ભારે ચકચાર મચી છે.

મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકાના ઉદેલા ગામની સીમમાં કેટલાક બુટલેગરો દારૂની આયાત અને વેચાણ કરી રહ્યા હોવાની મળએલ બાતમીના આધારે ગાંધીનગર આર.આર. સેલે ઉદેલા ગામની સીમમાં આકસ્મિક દરોડો પાડ્યો હતો. જેમાં સ્થળ પરથી પરપ્રાંતની બનાવટની દારૂની વિવિધ બ્રાન્ડની ૧૫૭૨૮ બાટલીઓનો મોટો જથ્થો કબજે કરવામાં આવ્યો હતો. પકડાયેલ દારૂના જથ્થાની કિંમત રૂપિયા વીસ લાખની થવા જાય છે.

# ઊંઝામાં વૈશાખી પૂનમે ઉમિયા માતાની નગરયાત્રા નીકળી

આજે ઊંઝા ખાતે દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ વૈશાખ સુદ પૂનમના રોજ શ્રી ઉમિયા માતાજીની ભવ્ય નગરયાત્રા નીકળી હતી. યુવક મંડળો, માઈ મંડળો, મહિલા ભક્ત મંડળો વગેરે જોડાયા હતા. શ્રી ઉમિયા માતાજીના નિજ મંદિરેથી નીકળેલ નગરયાત્રા શહેરના વિવિધ વિસ્તારો, ગંજબજારમાંથી પસાર થઈને બપોરના સમયે માતાજીના મંદિરે પરત પહોંચી હતી. આ નગરયાત્રામાં હાથી, ઘોડા, બગીઓ, સ્કૂટર સવારો, મોટરકારો, વિવિધ ઝાંખીઓ, બેન્ડવાજા, ધ્વજપતાકા, આદિવાસી નૃત્ય, રાસમંડળી ખડકભીલડી, આસપાસના ગામોની ભક્ત મંડળીઓ માતાજીની નગરયાત્રા પ્રસંગે નગરજનોએ પોતાના ઘરના દ્વારા આસોપાલવના તોરણ બાંધ્યા હતા.



તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના શેર ગામ સુનસરમાં શ્રી સુનસર બ્રાહ્મણ યુવક મંડળ, મુંબઈ-સુનસર આયોજીત નવયુવાન બ્રાહ્મણોના સહયોગથી શ્રી સત્યનારાયણ ભગવાનની ભવ્ય કથા, રાત્રે ભજન સંધ્યા અને સુનસર ગામની પાદરે આવેલા શ્રી ઝબલેશ્વર મહાદેવ મંદીરમાં શાસ્ત્રોક્ત વિધિવિધાન સાથે લઘુરૂદ્ર રંગેચંગે સંપન્ન થયો હતો. લગુરૂદ્રની પુર્ણાહુતિ તા.૪/૫/૨૦૧૫ને સોમવારના રોજ બપોરે ૧.૪૦ વાગ્યાના સુમારે યોજાઈ હતી. દર્શનાર્થે ભારે માનવ મેદની ઉમટી હતી. દર્શનાર્થીઓએ મહાપ્રસાદીનો લાભ લીધો હતો. ભોળા શંકર ભગવાન શિવ આષુતોષના દર્શન કરી આશિર્વાદ મેળવી ભાવિકભક્તોએ ધન્યતા અનુભવી હતી.

# કડીયાવાડા માર્ગ પરના ખાડાઓ રાતોરાત પુરાયા

મોડાસા, તા. ૩

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં બસસ્ટેન્ડથી કડીયાવાડા જવા માટેના રોડ પર મોડાસા નગરપાલિકા દ્વારા માર્ગ પર ભરાતા પાણીના નિકાલ માટે ગટરલાઈનનું કામકાજ કરવામાં આવ્યું હતું. પરંતુ નગરપાલિકાના કોન્ટ્રાક્ટરે ગટરલાઈનના ખોદકામ દરમિયાન પડેલા નાના નાના ખાડાઓ પુરવામાં બેદરકારી દાખવતાં અહીંથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકોને મુશ્કેલી પડતા આ અંગે ગાંધીનગર સમાચારે પ્રજાજનોના પ્રશ્નોને વાચા આપતાં મોડાસા નગરપાલિકા દ્વારા સત્વરે ખાડાઓ પુરી દેવામાં આવ્યા હતા.

મોડાસા બસસ્ટેન્ડથી કડીયાવાડા જવા માટેના માર્ગ પર નગરપાલિકા દ્વારા ગટરલાઈનનું કામકાજ પૂર્ણ કર્યા પછી રોડ પર ખોદવામાં આવેલા નાના નાના ખાડાઓને પુરવાની તસ્દી લીધી નહોતી જેથી મોડાસાના કડીયાવાડા, ચોરા, ભાવસારવાડા તેમજ જુના વિસ્તારમાં રહેતા લોકોને ખુબ જ મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો જ્યારે આ વિસ્તારમાં દુકાનદારો અને ૭ જેટલી મોટી ખાનગી હોસ્પિટલમાં



(તસવીર : જય અમીન, મોડાસા)

આવતા ગ્રાહકો અને દરદીઓને પણ હાલાકી પડતી હતી. તદઉપરાંત બાઈકચાલકોની બાઈક નાના ખાડાઓના કારણે ટાયર સ્લીપ થઈ જતાં બાઈકચાલક અને બાઈક સવારને નાની-મોટી શરીરે ઈજાઓ પહોંચવાનો સીલસીલો શરૂ થઈ જતા અને મુસાફરો અને દરદીઓ તથા શહેરના નગરજનોને પડતી મુશ્કેલીઓ અંગે ગાંધીનગર સમાચારના પ્રતિનિધિ દ્વારા ગાંધીનગર સમાચારમાં આ ઘટના અંગે સમાચાર છપાતાં મોડાસા નગરપાલિકા દ્વારાતાબડતોડ આ અંગે નક્કર પગલાં ભરવા કોન્ટ્રાક્ટરને જાણ કરતાં કોન્ટ્રાક્ટર દ્વારા કડીયાવાડા રોડ પર પડેલા ખાડાઓ પુરવા માટે યોગ્ય કાર્યવાહી શરૂ કરવામાં આવતા અને મુખ્ય બે મોટા ખાડા તાત્કાલિક પુરી દેવામાં આવતા મોડાસા શહેરના કડીયાવાડા ભાવસારવાડા, ચોરા તેમજ આ રોડનો મુખ્યત્વે ઉપયોગ કરતા મોડાસા શહેરના જુના વિસ્તારમાં રહેતા રહીશો અને દુકાનદારોમાં આનંદ છવાયો હતો.

# સુઘડના આધેડે કેન્સરથી કંટાળી કેનાલમાં મોતની છલાંગ લગાવી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર નજીકના સુઘડ ગામના ૪૨ વર્ષીય મજૂરે કેન્સરની બિમારીથી કંટાળી સુઘડ કેનાલમાં મોતની છલાંગ લગાવી હતી અને મોતને વ્હાલુ કર્યુહતુ.

પ્રાપ્ત માહિતી અનુસાર સુઘડ ગામના દિનેશજી ડાયાજી ઠાકોર (ઉં.વ.૪૨) ખેતીકામ કરી પોતાનું ગુજરાન ચલાવતા હતા. છેલ્લા ઘણા સમયથી ગળાના ભાગે કેન્સરની બિમારીમાં સપડાયા હતા અને અમદાવાદ સિવિલમાં કેન્સરની સારવાર લઈ રહ્યા હતા પરંતુ કેટલાક દિવસની કેન્સરની પીડાથી કંટાળી ગયા હતા. આખરે આધેડે આજે કંટાળી ગામની પાસેની જ નર્મદાની કેનાલમાં છલાંગ લગાવી હતી અને મોતને વ્હાલુ કર્યુહતુ. આ બનાવ અંગે ગ્રામજનોને જાણ થતા તુરંત ફાયરબ્રિગેડ અને અડાલજ પોલીસને જાણ કરી હતી. અડાલજ પોલીસે મૃતદેહને બહાર કઢાવી પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો. પોલીસે આ અંગે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## શબ્દાવલી - ૫૭૨૧

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | | | ૫ |
| ૬ | | | | | ■ | ■ | |
| ૭ | | ■ | ■ | ૮ | | | |
| ■ | ૯ | | ૧૦ | | ■ | ■ | |
| ૧૧ | | ■ | | ■ | ૧૨ | ૧૩ | |
| | ■ | ૧૪ | | ૧૫ | ■ | | ■ |
| ૧૬ | ૧૭ | | ■ | ૧૮ | ૧૯ | | ૨૦ |
| ૨૧ | | | | ■ | ૨૨ | | |

### આડી ચાવી

૧. આકાશ, નભ (૩)
૪. વિદાય, આવજો (૪)
૬. મોટું, વિશાળ (૫)
૭. દુશ્મની (૨)
૮. આબાદનું વિરોધી (૪)
૯. ખાવાનું તેલ (૪)
૧૧. અગ્નિ (૨)
૧૨. જાપાનનું રહેવાસી (૩)
૧૪. 'નજારો' (૩)
૧૬. ... ડમ ડમ લાગે (૩)
૧૮. તલવાર (૪)
૨૧. હોહા, હોબાળો (૪)
૨૨. દર્દી, રોગી (૩)

### ઊભી ચાવી

૧. ખુબ અવાજ કરે, ગામ... છે (૩)
૨. શોલે ફિલ્મનો ડાકુ (૫)
૩. પુરુષ, માણસ (૨)
૪. ઘોડાર, અશ્વશાળા (૪)
૫. ઘઉંની એક જાત (૫)
૧૦. તેજસ્વી, પ્રકાશવાળુ (૩)
૧૧. આવડવું તે, કુશળતા (૪)
૧૩. પાંચશેરી જેવું (૪)
૧૪. છજુ (૩)
૧૫. દમ, અંગરખુ બીડવાની દોરી (૨)
૧૭. ટળ, આઘો ખસ તુચ્છકાળથી બોલાય તે (૨)
૧૯. ખાવાની કોઇ વસ્તુ, નાના છોકરાને મુઠ્ઠી બતાવી લલચાવવું (૨)
૨૦. રેતીના કણ (૨)

### શબ્દાવલી ૫૭૨૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) પાગલપન (૫) હેમર (૬) માણ (૭) રમતગમત (૧૦) રણ (૧૧) મઠ (૧૩) ધુમ (૧૫) ખોરડુ (૧૭) પ્રહાર (૧૯) કાકા (૨૦) કારીગર (૨૨) હમામ (૨૩) રઝળતુ

**ઊભી ચાવી :-** (૧) પામર (૨) ગરમર (૩) પલંગ (૪) ભોણ (૬) માતમ (૮) તણખો (૯) મધુપ્રમેહ (૧૨) ઠપકારવું (૧૪) મહા (૧૬) રણકાર (૧૮) રસમ (૧૯) કાગળ (૨૧) રીઝ



પ્રાંતિજ તાલુકાના ધડકણમાં આવેલ દૂધ મંડળી દ્વારા સુવર્ણ જયંતિ મહોત્સવ યોજવામાં આવ્યો હતો. જેમાં ગુજરાત કો-મીલ્ક ફેડરેશન બોર્ડના ચેરમેન અને સાબર ડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલ, સાંસદ દિપસિંહ રાઠોડ, પ્રાંતિજ-તલોદ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, જયસિંહ ચૌહાણ, દોલતસિંહ ઝાલા વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા જયારે દૂધના વ્યવસાયમાં વરેલી મહિલાઓ તથા ધડકણ ગામમાંથી તથા આજુબાજુમાંથી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને દૂધ મંડળીના સ્થાપક સ્વર્ગસ્થ ભુરાદાદાને યાદ કરી તે સમયના વિચારોને બિરદાવ્યા હતા. દૂધમંડળી દ્વારા ૫૦ વર્ષની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.

# અનુસુચિત જાતિ અને જનજાતિના અત્યાચાર નિવારણ માટે વકીલોની પેનલ રચવા જોગ

અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ (અત્યાચાર નિવારણ) નિયમો ૧૯૯૫ના નિયમ ૪ મુજબ પેનલ તૈયાર કરવાની થાય છે. જે અન્વયે સાત વર્ષથી ઓછી નહી તેટલી મુદત માટે વકીલાત કરતાં હોય તેવા વકીલોની પેનલ બનાવવાની થાય છે. જેના માટે લાયકાત ધરાવતા વકીલો પાસેથી નિયત નમૂનામાં અરજી ફોર્મમાં અરજી મંગાવવામાં આવે છે. આ જગ્યાઓ માટે ઉમેદવારી નોંધાવવા ઈચ્છતા હોય તે ઉમેદવારોએ નિયત નમૂનાના અરજીફોર્મમાં પોતાની અરજી જરૂરી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો સાથે તા.૧૫/૦૫/૨૦૧૫ સુધી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, બનાસકાંઠા પાલનપુરને મોકલી આપવાની રહેશે. નિયત સમયમર્યાદા બહાર મળેલી અને પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ જોડ્યા સિવાયની અરજીઓ તથા અધુરી વિગવાળી અરજી વિચારણામાં લેવામાં આવશે નહી. ઉમેદવારે આ બાબતે જયારે ઈન્ટરવ્યુંમાં બોલાવવામાં આવે ત્યારે તેઓએ સ્વખર્ચે અસલ પ્રમાણપત્રો સાથે નિયત તારીખ, સમય અને સ્થળે હાજર રહેવાનું રહેશે.

# ડીસામાં મગજના અસાધ્ય રોગથી પીડિત બાળકની પીડા

ડીસા, તા. ૪

આધુનિક તબીબી વિજ્ઞાન જગતમાં અવનવી શોધ અને દવાઓ, રશીકરણનાં નિર્માણ અને વિતરણ બાદ પણ કેટલાક અસાધ્ય અને હઠીલા રોગો જીવલેણ બનતા જાય છે, ત્યારે આવોજ એક રોગ ડીસા તાલુકાના મહાદેવીયા ગામના એક ગરીબ પરિવાર નાં બાળકને થયો છે, જેમાં આ માસુમ બાળકના મગજમાં જન્મજાત પાણી ભરાતા તેના પરિવારજનો ની હાલત દયનીય બનેલ છે અને પરિવાર તેને બચાવી લેવા જયાં ત્યાં હવાતિયા મારી દોડ ધામ કરી રહ્યા છે.

ડીસાની સરકારી હોસ્પીટલમાં એક બાળ દર્દી મગજમાં પાણી ભરાવાથી થતા જટિલ રોગ થી પીડિત બની સારવાર લઈ છે આ બાળક રીયલ જીવનમાં એક દયાપાત્ર દર્દી છે. આ બાળક જન્મજાત મગજનું પાણી ભરાવાથી થતી બીમારી થી પીડાય છે. આ બાળકને સામાન્ય રીતે બાળકો માં જવલ્લે દેખાતો અને મેડીકલ ભાષામાં કન્ઝેનીટલ હાઈડ્રોકેફેલસ નામનો રોગ થયો છે. આ માસુમ દર્દીનાં રોગ અને પીડાની વાત કરીએ તો બનાસકાંઠાના ડીસા તાલુકાનાં મહાદેવીયા ગામે રહેતા લાડ્સીહ મકવાણાનાં દીકરા ભવશિહ મકવાણાને જન્મ જાત એવા મગજમાં પાણી ભરવાથી થતો રોગ છે. જેનાથી માત્ર દોઢ વર્ષની ઉમરના આ બાળકના માથાનું વજન ચાર કિલો થી વધુ છે. પોતાના પુત્રની આ અશાધ્ય બીમારીમાંથી છુટકારો મેળવવા અને પુત્રને નવજીવન આપવા શ્રમજીવી એવા તેના માતા પિતા એ પથ્થર એટલા પૂજે દેવની જેમ અનેક બાધા આખડી સાથે નિષ્ણાત તબીબો ની સારવાર પણ આ બાળકને અપાવી છે જોકે હાલ આ બાળકની બીમારી અને સારવારમાં થતા ખર્ચથી પીડિત પરિવાર ભારે મુસીબતમાં છે. તેવું તેની માતા જબાબેન મકવાણા એ લાચાર આંખે જણાવ્યું હતું.

## સંગઠનમાં ફેરફારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

સોંપવામાં આવી છે. આ સાથે શ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, શ્રી અમીત ઠાકર, શ્રી રાજેશભાઈ ચુડાસમાને પણ અન્ય ઝોનની જવાબદારી સોંપવામાં આવી છે. ભાજપમાં વધતા જતા અસંતોષને પગલે આ ફેરફારો કરી મધ્ય ગુજરાતને સ્થાન આપી અસંતોષને હળવો કરવાનો પ્રયાસ કરાયાની વાતો કાર્યકરોમાં થઈ રહી છે.

## કેરીનું આગમન...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વેચાણ અર્થે આવેલા વેપારીઓ કેરીના જથ્થાબંધ સ્ટોક સાથે નજરે પડી રહ્યા છે.

વિવિધ જાતોની કેરી બજારમાં ઉપલબ્ધ બની છે અને દરેક જાતના જુદા જુદા ભાવો બોલાય છે. ગત વર્ષ કરતા વીસ ટકા જેટલી મોંઘી બનેલી કેરીમાં કેશર, બદામ, લાડવા, લંગડો, આફુસ, પાયરી, રાજાપુરી, સુંદરી સહિત અનેક જાતોનું વેચાણ થઈ રહ્યું છે. જેમાં સૌથી વધુ કેશર અને બદામ ગાંધીનગરના નગરજનોમાં લોકપ્રિય રહી છે. જો કે હજુ દેશી કેરી બજારમાં નજરે પડતી નથી. જે કેરી ચુસવા માટે બાળકોની ખાસ પસંદ રહી છે. જુનાગઢ, વલસાડ, મહારાષ્ટ્ર તથા અનેક સ્થળોએથી કેરીનો વિપુલ જથ્થો અમદાવાદ, ગાંધીનગર, વડોદરા જેવા મહાનગરોમાં આવી રહ્યો છે. ગરમીમાં રાહત આપતી તેમજ લુ જેવા રોગ ઉપર દવાનું કામ કરતી કેરી ખાવાનું નગરજનોમાં ઘેલુ રહ્યુ છે અને કેરીની સિઝનમાં તેનો ભરપુર લાભ લેવાનું નહી ચુકવાનો નિર્ણય કેરીના બજારમાં તેજીના ટકોરા મારી રહ્યું છે. જે હાલ બજારોમાં સ્પષ્ટ વર્તાય છે.

## ગુજકેટની પરીક્ષા..

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરિક્ષાના પરિણામ જાહેર થશે. જયારે આ પૂર્વે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં બી ગૃપમાં અભ્યાસ કરતા વિધાર્થીઓને અનુલક્ષી ગુજકેટની પરિક્ષાનુ આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા ૭ મે ના રોજ ગુજકેટની પરિક્ષા લેવાશે.જિલ્લા શિક્ષણતંત્રના જણાવ્યા મુજબ આ પરિક્ષામાં જિલ્લામાંથી ૨૭૫૧ વિધાર્થીઓ બેસશે.જિલ્લાના ૧૨ પરિક્ષા કેન્દ્રો અને ૧૩૮ બિલ્ડીંગોમાં પરિક્ષાની કાર્યવાહી હાથ ધરાશે.મેડીકલમાં આગળ અભ્યાસ કરવા ઈચ્છતા હોય તેવા બી ગૃપના પરિક્ષાર્થીઓ ગુજકેટની પરિક્ષા આપશે.પરિક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરિતિ ન થાય તે માટે બોર્ડ કક્ષાએથી વર્ગ-૧ ના અધિકારીઓની ઓબઝર્વર તરીકે નિમણૂંક કરવામાં આવી છે. આ અધિકારીઓ તમામ પરિક્ષાખંડમાં રાઉન્ડ લેશે. આ ઉપરાંત પરિક્ષા કેન્દ્રોમાં મોબાઈલ ફાન સહિતના આધુનિક ઉપકરણો લઇ જવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. પરિક્ષાની પ્રક્રિયા શાંતિપૂર્ણ અને પારદર્શક રહે તે માટે જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા પણ તમામ વ્યવસ્થા કરી દેવામાં આવી છે.ગુજકેટની પરિક્ષાની સાથે પરિક્ષાર્થીઓમાં પરિણામની પણ ઉત્તેજના જોવા મળી રહી છે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસાનાં મહાદેવીયા ગામના શ્રમજીવી પરિવારના એક દોઢ વર્ષના બાળકને મગજમાં પાણી ભરાઈ જવાની બીમારી થતાં સરકારી હોસ્પિટલમાં સારવાર અપાઈ રહી છે. આધુનિક તબીબી વિજ્ઞાનમાં ગરીબ પરિવારના બાળકની આ પીડા પરીવાર માટે ચિંતાનો વિષય બની છે.